સત્યમેવ જયતે

**નિયામક**

**આર. સી. રાવલ**

ક્રમાંક : જીસીઈઆરટી/સી & ઈ/મૂલ્યાંકન/૧૨/૧૨૪૫૮-૫૬૩

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,

'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.

ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯

નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮

સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩

ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨

ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**

**Web : www.gcert.gujarat.gov.in**

તારીખ : ૦૯ -૦૭ -૨૦૧૨

# વિષયઃ ધોરણ 6 થી 8 ની મૂલ્યાંકન યોજના બાબત

**વંચાણે લીધાઃ**

1. શિક્ષણ વિભાગના પત્રાંકઃ જીએચ/એસએચ/31/2011/જેએસબી/1210/186/ન/ તારીખઃ 14/7/2011 ઠરાવથી GCERT ને મળેલ સત્તા અન્વયે

## પરિપત્ર

RTE-2009 ની જોગવાઇ મુજબ રાજ્યમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) ના માધ્યમથી ધોરણઃ 1 થી 8 ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક, સામાજિક, બૌદ્ધિક અને શારીરિક એમ સર્વગ્રાહી વિકાસ કરવાનો મુખ્ય હેતુ રહેલો છે. આ હેતુ સિદ્ધિ કરવા બાળકમાં થતા વિકાસની (વર્તન પરિવર્તન) નોંધ કરવી ખૂબજ જરૂરી છે. વિદ્યાર્થીના સતત અવલોકન અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ભાગીદારીને આધારે તેના જીવન કૌશલ્યો, મૂલ્યો, ગુણો, વલણો, રસ, રુચિમાં થતા પરિવર્તનની નોંધ રાખવાની છે.

જૂન, 2012 થી સમગ્ર રાજયમાં ધોરણઃ 6 થી 8 માં નવીન પાઠયપુસ્તકો તથા તે અંતર્ગત શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) માળખું અમલીકૃત થઇ રહ્યું છે.

**The Bombay Primary Education Rules 1949** ના **Rules No. 124** અને **The Bombay Primary Education Act 1949** ના **Act No. 38** અન્વયે રાજય સરકાર દ્વારા વખતોવખત નકકી કરવામાં આવતા વિષયો, અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો, માધ્યમ વગેરેનું અમલીકરણ સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ પ્રાથમિક શાળાઓએ કરવાનું રહેશે. જે અન્વયે આ મૂલ્યાંકન માળખાનો ધોરણઃ 6 થી 8 ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં ફરજિયાત અમલ કરવા અને કરાવવા આપશ્રીને જણાવવામાં આવે છે.

<u>ધોરણ 6 થી 8 નું મૂલ્યાંકન માળખું -</u>

<u>રચનાત્મક મૂલ્યાંકન-</u> 40 ગુણ (પત્રક- A)

- RTE - 2009 એકટની જોગવાઈ અનુસાર સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) કરવાનું રહે છે તેને ધ્યાને લઇ સત્રના આરંભથી જ સમગ્ર સત્ર દરમિયાન દરેક વિષયમાં જે તે એકમના અધ્યાપન કાર્યની સાથે જ તેના હેતુઓને ધ્યાને લઇ મૌખિક, ક્રિયાત્મક, લેખિત સ્વરૂપે કે અવલોકન, જૂથચર્ચા, પ્રોજેકટ, ચેકલિસ્ટ, ક્રમ માપદંડ વગેરે જેવી અન્ય પ્રયુકિતઓનો ઉપયોગ કરીને શિક્ષકે રચનાત્મક મૂલ્યાંકન કરવાનું રહેશે.

- ❖ રચનાત્મક મૂલ્યાંકન માટે ધોરણઃ 6 થી 8 ના પ્રત્યેક વિષયના સત્રવાર અભ્યાસક્રમમાંથી મૂલ્યાંકન માટેના પ્રતિનિધિરૂપ હેતુઓ તથા મૂલ્યાંકન પ્રવિધિની સમજ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની માર્ગદર્શિકામાં આપવામાં આવેલ છે, તેને ધ્યાને લઇ આયોજન કરવું.
- ❖ આ માટે પત્યેક ધોરણના દરેક વિષયને ધ્યાને લેતાં જે ધોરણ અને વિષયના સત્રવાર અભ્યાસક્રમમાં 20 કે તેથી ઓછા વિશિષ્ટ હેતુઓ આપેલા હોય ત્યાં તમામ વિશિષ્ટ હેતુઓનો રચનાત્મક મૂલ્યાંકન માટે પત્રક-A માં સમાવેશ કરવો. પરંતુ જે વિષયમાં એક સત્રમાં 20 કરતાં વધારે વિશિષ્ટ હેતુઓ હોય ત્યાં પ્રતિનિધિરૂપ 20 હેતુઓને અલગ તારવવા અને તેનો પત્રક- A માં સમાવેશ કરવો. અધ્યાપનકાર્યની સાથે સાથે શિક્ષકે આ રચનાત્મક મૂલ્યાંકનની નોંધ પત્રક- A માં કરવાની છે. તેમજ તેના આધારે સત્ર દરમિયાન **કુલ 40 ગુણમાંથી** મૂલ્યાંકન કરવાનું છે.
- ❖ રચનાત્મક મૂલ્યાંકનના આધારે દરેક વિદ્યાર્થીની ક્ષમતા સિદ્ધિ માટેનાં √, ?, × નાં નિશાન કરવાનાં છે (વિશિષ્ટ હેતુઓની પૂર્ણ સિદ્ધિ માટે '√', વિશિષ્ટ હેતુઓના સંદર્ભમાં રહેલ કચાશ માટે '?' અને વિશિષ્ટ હેતુઓ સિદ્ધ ન થયા હોય તો તે માટે '×'ની નિશાની કરવી). શિક્ષકે વિદ્યાર્થીઓને વિશિષ્ટ હેતુઓમાં પૂર્ણ સિદ્ધિ મળે તે માટે સતત પ્રયત્ન કરવાનો છે. સત્રાંતે રચનાત્મક મૂલ્યાંકનના આધારે દરેક વિષયમાં વિદ્યાર્થીએ મેળવેલ **ગુણ પત્રક- C માં 40 ગુણના કોલમમાં** મૂકવાના રહેશે.
- ❖ વર્ષની શરૂઆતથી જ એક પણ વિદ્યાર્થીની કોઇ પણ શૈક્ષણિક મુદ્દામાં કચાશ ન રહે તેવું જવાબદારીપૂર્વક કાર્ય કરવાનું રહેશે.
- ❖ શાળાના આચાર્યે, સીઆરસી કો.ઓર્ડીનેટરે અવાર-નવાર તથા અન્ય અધિકારીઓએ શાળા મુલાકાત વખતે વર્ગમાં થતી રચનાત્મક મૂલ્યાંકનની કામગીરી જોવાની છે. પત્રક- A માં ભરાયેલ વિગતો ચકાસી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ માટે જે તે શિક્ષકને માર્ગદર્શન આપવાનું રહેશે.

<u>સત્રાંત મૂલ્યાંકન</u> - 40 ગુણ

- ❖ **ધોરણ 6 થી 8 માં દરેક સત્રના અંતે દરેક વિષયમાં જે તે સત્રના અભ્યાસક્રમમાંથી 80 ગુણનું સત્રાંત લેખિત મૂલ્યાંકન કરવાનું રહેશે.** 80 ગુણમાંથી મેળવેલ ગુણને બે વડે ભાગતાં આવનાર પૂર્ણાંક ગુણને જે તે ધોરણના પરિણામ પત્રક (પત્રક- C) માં સત્રાંત **મૂલ્યાંકનના 40 ગુણના કોલમમાં** દર્શાવવાના રહેશે.

<u>સ્વઅધ્યયનના આધારે મૂલ્યાંકન</u>- 20 ગુણ

- ❖ વિદ્યાર્થી સ્વઅધ્યયન કરતો થાય તેનું ખૂબ જ મહત્ત્વ છે. જે તે વિષયમાં વિદ્યાર્થીએ કરેલ ગૃહકાર્ય, સ્વાધ્યાયકાર્ય, પ્રોજેકટ કાર્ય, સ્વતંત્ર લેખન કાર્ય, પુસ્તકાલયનો ઉપયોગ અને સ્થાનિક સાહિત્ય સામગ્રી વિશેની ઉપયોગ અંગે કાળજી લેવાની છે. આ કામગીરીમાં વિદ્યાર્થીનો સ્વતંત્ર પ્રયત્ન, સુઘડતા, જાળવણી જેવાં પાસાંઓ ધ્યાનમાં લઇ દરેક **વિષયમાં સત્ર દીઠ 20 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું છે, જેની નોંધ પરિણામ પત્રક (પત્રક- C) માં કરવાની રહેશે.**
- ❖ પ્રત્યેક વિદ્યાર્થીનું ઉપરોકત માળખાં મુજબ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાનું રહેશે. ખાસ અનિવાર્ય સંજોગોમાં શાળાએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ કોઈ વિદ્યાર્થી સત્રાંત લેખિત કસોટી વખતે હાજર ન રહી શકે તો પણ આચાર્યશ્રીએ શકય એટલા નજીકના દિવસોમાં સંબંધિત વિદ્યાર્થીની બાકી રહેલી લેખિત કસોટીઓ લેવા માટેની વ્યવસ્થા કરવાની રહેશે.

<u>વ્યકિતત્વ વિકાસ</u> - 400 ગુણ ( પત્રક- B)

❖ વિદ્યાર્થીના જ્ઞાનાત્મક વિકાસની સાથે તેના સર્વગાહી વિકાસના મૂલ્યાંકન માટે પત્રક- B માં કેટલાક નિર્દેશકો (વિધાનો) આપવામાં આવ્યા છે. બાળકના સર્વગ્રાહી મૂલ્યાંકન માટેના માપદંડો શિક્ષક સ્વતંત્ર રીતે નક્કી કરી શકે તે માટે પત્રક- B માં 9(નવ) ખાના ખાલી રાખવામાં આવ્યા છે. આ ખાનાંમાં શિક્ષકે જાતે વિધાનો લખવાના છે. કુલ નિર્દેશકો (વિધાનો) ની સંખ્યા 40 રહેશે. પ્રત્યેક વિદ્યાર્થી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગીદારી નોંધાવે તથા વિદ્યાર્થીને ચિત્ર ,સંગીત, કલા, યોગ,વ્યાયામ વગેરેના પૂરતા અનુભવો મળે તેવું શાળાએ આયોજન કરવાનું છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે આ વિષયોનું ખૂબ જ મહત્ત્વ છે. વિદ્યાર્થીઓમાં સુટેવો અને યોગ્ય વલણ ઘડતર માટે પ્રત્યેક શિક્ષકે પૂરતું ધ્યાન આપવાનું રહેશે. રસ, રુચિ, કૌશલ્યોની કેળવણી માટે પૂરતા અનુભવો પૂરા પાડવા. આ વિષયોમાં ઉત્તમ અધ્યયન અનુભવો સાથે ખૂબ જ તટસ્થ મૂલ્યાંકન કરવું અને ભૂલ સુધારની તક આપી સુદઢીકરણના સતત પ્રયત્નો કરવાના રહેશે.

❖ પત્રક- B નાં વિધાનોના આધારે વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન જોવા મળે તેવું સતત માર્ગદર્શન આપવાનું રહેશે. ઉત્તમ અધ્યયન અનુભવો સાથે સમગ્ર સત્ર દરમિયાનના વિદ્યાર્થીના વર્તનના આધારે તથા જે તે પ્રવૃત્તિ કરાવવામાં આવે તે વખતે વિદ્યાર્થીના એકંદર દેખાવ / ક્રિયાશીલતા (પરફોર્મન્સ) ને આધારે પ્રત્યેક વિધાન દીઠ 10 ગુણ લેખે સત્ર દરમિયાન મૂલ્યાંકન કરવાનું રહેશે.

❖ પ્રથમ સત્રના 400 (40 વિધાન × 10 ગુણ) તથા બીજા સત્રના 400 (40 વિધાન × 10 ગુણ) માંથી મેળવેલ કુલ ગુણને 2 (બે) વડે ભાગી બન્ને સત્રના સરેરાશ 400 માંથી મળતા ગુણ વર્ષાન્તે પરિણામ પત્રક (પત્રક- C) માં નોંધવાના રહેશે.

<u>વિષયવાર મૂલ્યાંકન માળખું</u>

❖ પરિણામ પત્રક (પત્રક- C) માં વર્ષાન્તે એક વિષયના 200 ગુણ **((40+40+20=100 પ્રથમ સત્ર)** અને **(40+40+20=100 દ્વિતીય સત્ર))** લેખે સાત વિષયના 1400 ગુણ તથા પત્રક- B ના 400 ગુણ મળી કુલ 1800 ગુણમાંથી નીચે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

| ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | સંસ્કૃત | ગણિત | વિ. અને ટેક્. | સા.વિ. | પત્રક- B (વ્યક્તિત્વ વિકાસ પત્રક) | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| **200** | **200** | **200** | **200** | **200** | **200** | **200** | **400** | **1800** |

❖ સત્રવાર અભ્યાસક્રમમાંથી જ મૂલ્યાંકન કરવાનું રહેશે. એક સત્રનો અભ્યાસક્રમ બીજા સત્રમાં પૂછી શકાશે નહીં.

❖ ધોરણ - 6 અને 7 માં વિદ્યાર્થીને વર્ષાન્તે અપાતા પ્રગતિપત્રકમાં માત્ર ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે. જ્યારે ધોરણ - 8 ના પ્રગતિપત્રકમાં ગુણ અને ગ્રેડ બન્નેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

❖ ગુણને આધારે ગ્રેડની ગણતરી નીચે મુજબ રહેશે.

| **100 ગુણમાંથી** | **200 ગુણમાંથી** | **400 ગુણમાંથી** | **1800 ગુણમાંથી** | **ગ્રેડ** |
|---|---|---|---|---|
| 80 કે તેથી વધુ | 160 કે તેથી વધુ | 320 કે તેથી વધુ | 1440 કે તેથી વધુ | **A** |
| 65 થી 79 સુધી | 130 થી 159 સુધી | 260 થી 319 સુધી | 1170 થી 1439 સુધી | **B** |
| 50 થી 64 સુધી | 100થી 129 સુધી | 200 થી 259 સુધી | 900 થી 1169 સુધી | **C** |
| 35 થી 49 સુધી | 70 થી 99 સુધી | 140 થી 199 સુધી | 630 થી 899 સુધી | **D** |
| 35 થી ઓછા | 70 થી ઓછા | 140 થી ઓછા | 630 થી ઓછા | **E** |

❖ પરિણામ પત્રકો તથા પ્રગતિ પત્રકોના ગુણ અંગ્રેજી અંકોમાં લખવાના રહેશે.

<u>સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિ પત્રક</u> ( પત્રક- E)

❖ વિદ્યાર્થીના સર્વગ્રાહી વિકાસની નોંધ માટે સર્વગ્રાહી વિકાસાત્મક સંગૃહિત પ્રગતિ પત્રક (પત્રક -E) ની જે તે ધોરણની વિગતો જે તે વર્ગ શિક્ષકે ભરવાની રહેશે.

❖ વર્ષના આરંભે પોતાના ધોરણના તમામ વિદ્યાર્થીઓની, આગળના વર્ષના શિક્ષક દ્વારા ભરાયેલી પત્રક-E ની ભરેલી વિગતો જોઈ લેવાની રહેશે. તથા તેમાંથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું વ્યવસ્થિત આયોજન કરવાનું રહેશે.

❖ કોઈપણ વિદ્યાર્થી વર્ષ દરમ્યાન અધવચ્ચેથી શાળા છોડી અન્ય શાળામાં જાય ત્યારે શાળા છોડે ત્યાં સુધીના કાર્ય દિવસો, હાજર દિવસો, વિષયવાર મૂલ્યાંકનના આધારો, મેળવેલ ગુણ તથા સંગૃહિત પ્રગતિપત્રક વગેરે બાબતો શાળા છોડવાના પ્રમાણપત્રની સાથે આપવાની રહેશે.

❖ **શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ પીઆરઈ-11211-149-ક તા.18 ફેબ્રુઆરી, 2011 અન્વયે ધોરણ 1 થી 8 સુધીના વિદ્યાર્થીને કોઈપણ ધોરણમાં અટકાવી શકાશે નહીં તેમજ વર્ગ બઢતી માટે ગુણ કે ગ્રેડ ધ્યાને લેવાશે નહીં.**

❖ જો કોઈપણ શાળા વાલીઓનો વિશ્વાસ સંપાદન કરીને પોતાની આગવી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવા ઈચ્છે તો **RTE-2009** ની જોગવાઇઓને ધ્યાનમાં રાખી શાળાએ તૈયાર કરેલ મૂલ્યાંકનના નવા માળખાની સંપૂર્ણ વિગતો રજૂ કરતી દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરશે. તેઓશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી સાથે પરામર્શન કરી સંબંધિત દરખાસ્ત RTEના મૂલ્યાંકનની જોગવાઇઓને અનુરૂપ છે કે નહીં તેની ચકાસણી બાદ દરખાસ્તને મંજૂરી આપશે. આગવી મૂલ્યાંકન યોજના અપનાવનાર શાળાએ વર્ષાન્તે આ મૂલ્યાંકન પદ્ધતિનો સમીક્ષા અહેવાલ આપવાનો રહેશે.

નોંધઃ- રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓએ ધોરણઃ 1 થી 5 માટે જીસીઇઆરટીના તા. 11-08-2011 ના પત્ર થી મળેલ મૂલ્યાંકન માળખા મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

(આર. સી. રાવલ)
નિયામક
જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

પ્રતિ,

1. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (તમામ)
2. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
3. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)
4. શાસનાધિકારીશ્રી (તમામ)

**નકલ સવિનય રવાનાઃ-**

1. માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
2. માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
3. માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ.,ગાંધીનગર
4. માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર
5. શાખા ફાઇલે